**ગુજરાત શાળા કવોલીટી એક્રેડીટેશન પરિષદ (Gujarat School Quality Accreditation Couneil-GSQAC)ની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :-મશબ-૧૨૧૦-૧૭૨૬-છ.
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૯/૨૦૧૦
16 SEP 2010

**આમુખ :-**

શિક્ષણમાં ગુણવત્તાની બાબત મુખ્યત્વે ત્રણ માપદંડો પર અવલંબે છે. શાળા સંચાલનની ગુણવત્તા, શિક્ષકની ગુણવત્તા અને વિદ્યાર્થિની ગુણવત્તા બાળક પ્રાથમિક શાળામાં દાખલ થાય ત્યારે તેનું બાળ માનસ તેને જે શિખવવામાં આવે તે ઝડપથી શીખવા માટે તત્પર હોય છે. આથી વિદ્યાર્થી ક્ષમતાનો પુરેપુરો વિકાસ કરવાની બાબત, શાળા સંચાલકની ગુણવત્તા અને શિક્ષકોની ગુણવત્તા પર નિર્ભર છે. આમ સમગ્ર શિક્ષણ પધ્ધતિમાં શાળા સંચાલનની ગુણવત્તા અને શિક્ષકોની ગુણવત્તા વિશેષ મહત્વ ધરાવે છે પરંતુ શાળા અને શિક્ષકોની ગુણવત્તા તથા તે શાળા દ્વારા અપાતા શિક્ષણની ગુણવત્તાના મુલ્યાંકન માટે હાલ કોઇ તંત્ર કે વ્યવસ્થા અમલમાં નથી.

રાજયની સરકારી, બિન સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના માપદંડ **(Standrds)** વિકસાવવા અને તેના આધારે શાળાઓનું એકેડિટેશન આપવા માટે એક્રેડીટેશન પરિષદ રચના કરવા બાબતની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

સરકારની કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજયની સરકારી, બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના એકેડિટેશન માટે **"ગુજરાત શાળા કવોલીટી એક્રેડીટેશન પરિષદ (Gujarat School Quality Accreditation Couneil-GSQAC)"** ની રચના કરવામાં આવે છે જેનું બંધારણ નીચે મુજબનું રહેશે.

**સામાન્ય સભા :-**

| | | |
|---|---|---|
| ૧. | માન. મંત્રીશ્રી (શિક્ષણ) | અધ્યક્ષ |
| ૨. | અગ્ર સચિવશ્રી (શિક્ષણ) | સહઅધ્યક્ષ |
| ૩. | સચિવશ્રી (પ્રા.શિ.) | સભ્ય |
| ૪. | ચેરમેનશ્રી, ગુ.મા.શિ.બોર્ડ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૫. | કમિશનરશ્રી, શાળાઓ | સભ્ય |
| ૬. | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | સભ્ય |
| ૭. | નિયામકશ્રી, જીસીઇઆરટી | સભ્ય |
| ૮. | સરકાર દ્વારા નિયુકત ત્રણ શિક્ષણશાસ્ત્રીઓ | સભ્ય |

**૨. એક્રેડીટેશન પરિષદની નીચે મુજબ કાર્યવાહક સમિતિ રહેશે.**

| | | |
|---|---|---|
| ૧. | અગ્ર સચિવશ્રી (શિક્ષણ) | અધ્યક્ષ |
| ૨. | સચિવશ્રી (પ્રા.શિ.) | સભ્ય |
| ૩. | કમિશનરશ્રી, શાળાઓ | સભ્ય |
| ૪. | ઉપાધ્યક્ષશ્રી, ગુ.મા.શિ.બોર્ડ | સભ્ય |
| ૫. | નાયબ નિયામકશ્રી, (10+2) કમિશનરશ્રી, શાળાઓ | સભ્ય-સચિવ |

**૩. શાળા કવોલીટી એક્રેડીટેશન માટે મુલ્યાંકનના ધોરણો વિકસાવવા તથા માન્યતા આપવાની કામગીરી માટે સચિવશ્રી (પ્રા.શિ.)ની અધ્યક્ષતામાં નીચે મુજબની એક સમિતિ રહેશે.**

| | | |
|---|---|---|
| ૧. | સચિવશ્રી (પ્રા.શિ.) | અધ્યક્ષશ્રી |
| ૨. | કમિશનરશ્રી, શાળાઓ | સભ્ય |
| ૩. | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | સભ્ય |
| ૪. | નિયામકશ્રી, જીસીઇઆરટી | સભ્ય |
| ૫. | નાયબ નિયામક (પ્રા. શિ.) | સભ્ય સચિવ |

૪. કાઉન્સિલનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે. કાઉન્સિલનું સોસાયટી રજીસ્ટ્રેશન એકટ-૧૮૬૦ મુજબ રજીસ્ટ્રેશન કરાવવાની કાર્યવાહી કમિશનરશ્રી, મ. ભો. યો. અને શાળાઓની કચેરીએ કરાવવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ (માધ્યમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.

નકલ રવાના પ્રતિ :

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,

માન. મુખ્યમંત્રીશ્રી સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મુખ્યમંત્રીશ્રીના શિક્ષણ સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(ટેક.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી શિક્ષણના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર કોમ્પ્યુટર સેલ.
સચિવશ્રી પ્રાથમિક શિક્ષણના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
કમિશ્નરશ્રી, મ. ભો. યો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર
કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.
નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગાંધીનગર.
સર્વે નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સચિવાલયના સર્વે વહીવટી વિભાગો
ના.સ.અ. સિલેકટ ફાઇલ.